# ૩. ચારિત્રપ્રાભૃત

આ પ્રાભૃતમાં સમ્યક્ત્વચરણ-ચારિત્ર અને સંયમચરણ-ચારિત્રરૂપે ચારિત્રનું વર્ણન છે; સંયમ- ચરણને દેશસંયમચરણ અને પૂર્ણસંયમચરણ, એવા બે ભેદરૂપે વર્ણવતાં, શ્રાવકનાં બાર વ્રત, મુનિનો પંચેન્દ્રિયસંવર, મુનિનાં પાંચ મહાવ્રત, દરેક મહાવ્રતની પાંચ પાંચ ભાવના, પાંચ સમિતિ ઈત્યાદિનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

સર્વજ્ઞ છે, પરમેષ્ઠી છે, નિર્મોહ ને વીતરાગ છે,
તે ત્રિજગવંદિત, ભવ્યપૂજિત અર્હતોને વંદીને; ૧.

ભાખીશ હું ચારિત્રપ્રાભૃત મોક્ષને આરાધવા,
જે હેતુ છે સુજ્ઞાન-દ્રગ-ચારિત્ર કેરી શુદ્ધિમાં. ૨.

જે જાણતું તે જ્ઞાન, દેખે તેહ દર્શન ઉક્ત છે;
ને જ્ઞાન-દર્શનના સમાયોગે [૧]સુચારિત હોય છે. ૩.

આ ભાવ ત્રણ આત્મા તણા અવિનાશ તેમ [૨]અમેય છે;
એ ભાવત્રયની શુદ્ધિ અર્થે દ્વિવિધ ચરણ જિનોક્ત છે. ૪.

સમ્યક્ત્વચરણં છે પ્રથમ, જિનજ્ઞાનદર્શનશુદ્ધ જે,
બીજું ચરિત સંયમચરણ, જિનજ્ઞાનભાષિત તેય છે. ૫.

ઈમ જાણીને છોડો ત્રિવિધ યોગે સકળ શંકાદિને,
—મિથ્યાત્વમય દોષો તથા સમ્યક્ત્વમળ જિન-ઉક્તને. ૬.

નિઃશંકતા, નિઃકાંક્ષ, નિર્વિચિકિત્સ, અવિમૂઢત્વ ને
ઉપગૂહન, થિતિ, વાત્સલ્યભાવ, પ્રભાવના—ગુણ અષ્ટ છે. ૭.

તે [૩]અષ્ટગુણસુવિશુદ્ધ જિનસમ્યક્ત્વને—[૪]શિવહેતુને
આચરવું જ્ઞાન સમેત, તે સમ્યક્ત્વચરણ ચરિત્ર છે. ૮.

---

૧. સુચારિત્ર = સમ્યક્ચારિત્ર. ૨. અમેય = અમાપ.
૩. અષ્ટગુણસુવિશુદ્ધ = આઠ ગુણોથી નિર્મળ. ૪. શિવહેતુ = મોક્ષનું કારણ.

સમ્યક્ત્વચરણવિશુદ્ધ ને નિષ્પન્નસંયમચરણ જો,
નિર્વાણને અચિરે વરે અવિમૂઢદૃષ્ટિ જ્ઞાનીઓ. ૯.

સમ્યક્ત્વચરણવિહીન છો સંયમચરણ જન આચરે,
તોપણ લહે નહિ મુક્તિને [1]અજ્ઞાનજ્ઞાનવિમૂઢ એ. ૧૦.

વાત્સલ્ય-વિનય થકી, સુદાને દક્ષ અનુકંપા થકી,
વળી [2]માર્ગગુણસ્તવના થકી, ઉપગૂહન ને સ્થિતિકરણથી; ૧૧.

—આ લક્ષણોથી તેમ [3]આર્જવભાવથી [4]લક્ષાય છે,
વણમોહ જિનસમ્યક્ત્વને આરાધનારો જીવ જે. ૧૨.

અજ્ઞાનમોહપથે કુમતમાં ભાવના, ઉત્સાહ ને
શ્રદ્ધા, સ્તવન, સેવા કરે જે, તે તજે સમ્યક્ત્વને. ૧૩.

સદ્દર્શને ઉત્સાહ, શ્રદ્ધા, ભાવના, સેવા અને
સ્તુતિ જ્ઞાનમાર્ગથી જે કરે, છોડે ન જિનસમ્યક્ત્વને. ૧૪.

અજ્ઞાન ને મિથ્યાત્વ તજ, લહી જ્ઞાન, સમકિત શુદ્ધને;
વળી મોહ તજ [5]સારંભ તું, લહીને અહિંસાધર્મને. ૧૫.

નિઃસંગ લહી દીક્ષા, પ્રવર્ત સુસંયમે, સત્તપ વિષે;
નિર્મોહ વીતરાગત્વ હોતાં ધ્યાન નિર્મળ હોય છે. ૧૬.

જે વર્તતા [6]અજ્ઞાનમોહમલે મલિન મિથ્યામતે,
તે મૂઢજીવ મિથ્યાત્વ ને મતિદોષથી બંધાય છે. ૧૭.

---

૧. અજ્ઞાનજ્ઞાનવિમૂઢ = અજ્ઞાનતત્ત્વ અને જ્ઞાનતત્ત્વનો ભેદ નહિ જાણનાર.

૨. માર્ગગુણસ્તવના = નિર્ગ્રંથ માર્ગના ગુણની પ્રશંસા.

૩. આર્જવભાવ = સરળ પરિણામ.

૪. લક્ષાય = ઓળખાય.

૫. સારંભ = આરંભયુક્ત.

૬. અજ્ઞાનમોહમલે મલિન = અજ્ઞાન અને મોહના દોષો વડે મલિન.

દેખે દરશથી, જ્ઞાનથી જાણે દરવ-પર્યાયને,
સમ્યક્ત્વથી શ્રદ્ધા કરે, ચારિત્રદોષો પરિહરે. ૧૮.

રે! હોય છે ભાવો ત્રણે આ, મોહવિરહિત જીવને;
નિજ આત્મગુણ આરાધતો તે કર્મને [1]અચિરે તજે. ૧૯.

સંસારસીમિત નિર્જરા અણસંખ્ય-સંખ્યગુણી કરે,
સમ્યક્ત્વ આચરનાર ધીરા દુઃખના ક્ષયને કરે. ૨૦.

સાગાર અણ-આગાર એમ દ્વિભેદ સંયમચરણ છે;
સાગાર છે સગ્રંથ, અણ-આગાર પરિગ્રહરહિત છે. ૨૧.

દર્શન, વ્રતં, સામાયિકં, પ્રોષધ, સચિત, [2]નિશિભુક્તિ ને
વળી બ્રહ્મ ને આરંભ આદિક દેશવિરતિસ્થાન છે. ૨૨.

અણુવ્રત કહ્યાં છે પાંચ ને ત્રણ ગુણવ્રતો નિર્દિષ્ટ છે,
શિક્ષાવ્રતો છે ચાર;—એ સંયમચરણ સાગાર છે. ૨૩.

ત્યાં સ્થૂલ ત્રસહિંસા-અસત્ય-અદત્તના, પરનારીના
પરિહારને, આરંભપરિગ્રહમાનને અણુવ્રત કહ્યાં. ૨૪.

દિશવિદિશગતિ-પરિમાણ હોય, અનર્થદંડ પરિત્યજે,
ભોગોપભોગ તણું કરે પરિમાણ,—ગુણવ્રત ત્રણ્ય છે. ૨૫.

સામાયિકં, વ્રત પ્રોષધં, અતિથિ તણી પૂજા અને
અંતે કરે સલ્લેખના—શિક્ષાવ્રતો એ ચાર છે. ૨૬.

શ્રાવકધરમરૂપ દેશસંયમચરણ ભાખ્યું એ રીતે;
યતિધર્મ-આત્મક પૂર્ણસંયમચરણ શુદ્ધ કહું હવે. ૨૭.

પંચેન્દ્રિસંવર, પાંચ વ્રત પચ્ચીશક્રિયાસંબદ્ધ જે,
વળી પાંચ સમિતિ, ત્રિગુપ્તિ—અણ-આગાર સંયમચરણ છે. ૨૮.

---

૧. અચિરે = અલ્પ કાળમાં.
૨. નિશિભુક્તિ = રાત્રિભોજનત્યાગ.

સુમનોજ્ઞ ને અમનોજ્ઞ જીવ-અજીવદ્રવ્યોને વિષે
કરવા ન [1]રાગવિરોધ તે પંચેન્દ્રિસંવર ઉક્ત છે. ૨૯.

હિંસાવિરામ, અસત્ય તેમ અદત્તથી વિરમણ અને
અબ્રહ્મવિરમણ, સંગવિરમણ—છે મહાવ્રત પાંચ એ. ૩૦.

મોટા પુરુષ સાધે, પૂરવ મોટા જનોએ આચર્યાં,
સ્વયમેવ વળી મોટાં જ છે, તેથી મહાવ્રત તે ઠર્યાં. ૩૧.

મન-વચનગુપ્તિ, ગમનસમિતિ, સુદાનનિક્ષેપણ અને
અવલોકીને ભોજન—અહિંસાભાવના એ પાંચ છે. ૩૨.

જે ક્રોધ, ભય ને હાસ્ય તેમ જ લોભ-મોહ—કુભાવ છે,
તેના [2]વિપર્યયભાવ તે છે ભાવના બીજા વ્રતે. ૩૩.

સૂના અગર તો ત્યક્ત સ્થાને વાસ, [3]પર-ઉપરોધ ના,
આહાર એષણશુદ્ધિયુત, સાધર્મી સહ વિખવાદ ના. ૩૪.

મહિલાનિરીક્ષણ-પૂર્વરતિસ્મૃતિ-નિકટવાસ, [4]ત્રિયાકથા,
પૌષ્ટિક રસોથી વિરતિ—તે વ્રત [5]તુર્યની છે ભાવના. ૩૫.

મનહર-અમનહર સ્પર્શ-રસ-રૂપ-ગંધ તેમ જ શબ્દમાં
કરવા ન રાગવિરોધ, વ્રત પંચમ તણી એ ભાવના. ૩૬.

ઈર્યા, સુભાષા, એષણા, આદાન ને નિક્ષેપ—એ,
સંયમ તણી શુદ્ધિ નિમિત્તે સમિતિ પાંચ જિનો કહે. ૩૭.

રે! [6]ભવ્યજનબોધાર્થ જિનમાર્ગે કહ્યું જિન જે રીતે,
તે રીત જાણો જ્ઞાન ને [7]જ્ઞાનાત્મ આત્માને તમે. ૩૮.

---

૧. રાગવિરોધ = રાગદ્વેષ. ૨. વિપર્યયભાવ = વિપરીત ભાવ.
૩. પર-ઉપરોધ ના = બીજાને નડતર થાય એમ ન રહેવું તે.
૪. ત્રિયાકથા = સ્ત્રીકથા. ૫. તુર્ય = ચતુર્થ.
૬. ભવ્યજનબોધાર્થ = ભવ્યજનોને બોધવા માટે. ૭. જ્ઞાનાત્મ = જ્ઞાનસ્વરૂપ.

જે જાણતો જીવ-અજીવના સુવિભાગને, સદ્‌જ્ઞાની તે
રાગાદિવિરહિત થાય છે—જિનશાસને શિવમાર્ગ જે. ૩૯.

દૃગ, જ્ઞાન ને ચારિત્ર—ત્રણ જાણો પરમ શ્રદ્ધા વડે,
જે જાણીને યોગીજનો નિર્વાણને અચિરે વરે. ૪૦.

જે જ્ઞાનજળ પીને લહે સુવિશુદ્ધ નિર્મળ પરિણતિ,
શિવધામવાસી સિદ્ધ થાય—ત્રિલોકના ચૂડામણિ. ૪૧.

જે જ્ઞાનગુણથી રહિત, તે પામે ન લાભ સુ-ઈષ્ટને;
ગુણદોષ જાણી એ રીતે, સદ્‌જ્ઞાનને જાણો તમે. ૪૨.

જ્ઞાની ચરિત્રારૂઢ થઈ નિજ આત્મમાં પર નવ ચહે,
અચિરે લહે શિવસૌખ્ય અનુપમ એમ જાણો નિશ્ચયે. ૪૩.

વીતરાગદેવે જ્ઞાનથી સમ્યક્ત્વ-સંયમ-આશ્રયે
જે ચરણ ભાખ્યું, તે કહ્યું સંક્ષેપથી અહીં આ રીતે. ૪૪.

ભાવો વિમળ ભાવે ચરણપ્રાભૃત સુવિરચિત સ્પષ્ટ જે,
છોડી ચતુર્ગતિ શીઘ્ર પામો મોક્ષ શાશ્વતને તમે. ૪૫.